**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : અશરફ નથવાણી**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 04-06-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## <u>લોકસભા ચૂંટણી મતગણતરી</u>

સાત તબક્કામાં યોજાયેલી લોકસભાની ચૂંટણી, આંધ્રપ્રદેશ અને ઓડિશાની વિધાનસભા ચૂંટણીઓ અને ગુજરાતની પાંચ વિધાનસભા સહિત અન્ય રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીઓની મતગણતરી આજે થશે. ચૂંટણીપંચે આ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. સવારે 8 વાગ્યાથી મતગણતરી શરૂ થશે.

ચૂંટણી પંચે કહ્યું કે મતગણતરીનાં વલણ અને પરિણામ ચૂંટણી પંચની વેબસાઇટ results.eci.gov.in તેમજ વોટર હેલ્પલાઇન મોબાઇલ એપ્લીકેશન પર ઉપલબ્ધ રહેશે. આ વોટર હેલ્પલાઇન એપ ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે.

ગુજરાતમાં લોકસભા સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.

RNU અમદાવાદ

------------------------------------------------------------------

## કચ્છ બેઠક-મતગણતરી

કચ્છની વાત કરીએ કચ્છ મોરબી લોકસભા બેઠકની મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

ભુજમાં સરકારી એન્જિનિયરીંગ કોલેજ ખાતે આ મતગણતરીની પ્રક્રિયા વ્યવસ્થિત રીતે યોજાય તે માટે કાઉન્ટિંગ ઓબ્ઝર્વરભવાનીસિંગ દેથા, જનરલ ઓબ્ઝર્વર બચનેશ કુમાર તથા અમર કુશવ્હાએ મત ગણતરી કેન્દ્ર ખાતે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અને તૈયારીઓની સમીક્ષા કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાએ ઓબ્ઝર્વરશ્રીઓને મુલાકાત દરમિયાન મત ગણતરી માટે વિધાનસભાવાઈઝ હોલ અને અન્ય જરૂરી સુવિધાઓથી અવગત કરાવ્યા હતા.

મત ગણતરી સ્થળ ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ત્રિસ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમારે પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ અંગે જાણકારી આપી હતી.

અશરફ નથવાણી

------------------------------------------------------------------

## અગત્યની જાહેરાત

એક અગત્યની જાહેરાત

આકાશવાણી ભુજ સમાચાર વિભાગ દ્વારા આજે મત ગણતરીને અનુલક્ષીને કાયમી સમાચાર બુલેટીન ઉપરાંત દિવસભર ગુજરાતી અને કચ્છીમાં ૮ વિશેષ સમાચાર બુલેટીન પ્રસારિત કરવામાં આવશે. જેમાં સવારે ૧૦ વાગીને ૫ મીનીટે, ૧૧ વાગીને ૫ મીનીટે, બપોરે ૧૨ વાગીને ૫ મીનીટે તેમજ એક વાગ્યે ગુજરાતી સમાચાર બુલેટીન અપાશે, જયારે સવારે ૧૦.૩૦ વાગ્યે, ૧૧.૩૦ વાગ્યે, બપોરે સાડા બાર વાગ્યે તેમજ સાડા ત્રણ વાગ્યે કચ્છી બુલેટીન પ્રસારિત કરવામાં આવશે. આ ઉપરાંત, મત ગણતરીને લગતી પળેપળની વિશ્વસનીય માહિતી મેળવવા માટે આકાશવાણી ભુજ સાંભળતા રહેવા જણાવાયું છે.

અશરફ નથવાણી

---

## મુખ્ય ચૂંટણી કમિશનર

તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં 64.2 કરોડ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જેમાં 31 કરોડ મહિલા મતદારો હતી એમ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ગઇકાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. ચૂંટણીને ઐતિહાસિક ગણાવતા તેમણે જણાવ્યું કે, મતદાન દરમિયાન વિશ્વવિક્રમ સર્જાયો છે. લોકશાહીનાં આ

તહેવારમાં ભાગ લેનાર પ્રત્યેક વ્યક્તિનો અમે આભાર માનીએ છીએ એમ તેમણે જણાવ્યું હતું.

ચૂંટણી દરમિયાન સત્તાવાળાઓ દ્વારા લગભગ 10 હજાર કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાં 45 ટકા નશીલા દ્રવ્યોનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે, 85 વર્ષથી વધુ વયનાં અને દિવ્યાંગ મતદારો માટે પ્રથમ વાર ઘરેથી મતદાન કરવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. સ્વતંત્રતા બાદ વૃધ્ધ મતદારોની ભાગીદારીએ લોકશાહીનું સંવર્ધન કર્યું છે, જે ચૂંટણી પંચ માટે સિધ્ધિ છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, 23 દેશોનાં 75 નીરિક્ષકોએ ભારતની ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરીને રોમાંચિત થયા હતા.

**RNU અમદાવાદ**

---

## ગુજરાતમાં ચોમાસું

ગુજરાતમાં ચોમાસુ વહેલુ બેસે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યના લોકોને હવે ગરમીમાંથી આઁશિક રાહત પણ મળશે .. આગામી બેથી ત્રણ દિવસોમાં 25 કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની શક્યતા છે..જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ વંટોળ આવે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# આગ સામેની સલામતી

હોસ્પિટલોમાં આગની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો,  અને કેન્દ્રશાસિત પ્રદેશોને આરોગ્ય સંભાળ સંસ્થાઓમાં આગ સામેની સલામતીનાં નિયમોનું પાલન કરવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે તમામ આરોગ્ય સુવિધાઓમાં આગ સામેની સલામતીના ધોરણોનું કડક પાલન કરવા અને સમયાંતરે તેની સમીક્ષા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.